**આંક–........**

**શ્રી ડી.જે.શાહ, ન્યાયાધિશ, કામદાર રાજય વિમા અદાલત, અમદાવાદ (કલોલ/ મહેસાણા સિટીંગ) સમક્ષ.**

**ઈ.એસ.આઈ.અરજી નં.૬૫/૨૦૧૪**

**અરજદારઃ–** શિવમ મોટર બોડી બીલ્ડર્સ,
ઓકટ્રોયનાકા પાસે, નાના ચીલોડા,
ડીસ્ટ્રીકટ ગાંધીનગર.

**વિરુધ્ધ**

**સામાવાળાઃ–** ઈ.એસ.આઈ કોર્પોરેશન,
એસીક ભવન, આશ્રમ રોડ,
અમદાવાદ.

**બાબતઃ–** ઈ.એસ.આઈ. એકટની કલમ ૭૫ મુજબ.

**હાજર રહયાઃ–** **અરજદાર તરફેઃ–**વિ.વ.શ્રી પી.આઈ.શાહ
**સામાવાળા તરફેઃ–**વિ.વ.શ્રી વી.એચ.શાહ.

**–ઃ ચુ કા દો ઃ–**

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના સામાવાળાના અધિકારી અરજદારને ત્યાં તા.૫/૫/૨૦૦૮ ના રોજ વીઝિટમાં આવેલ. તેમાં જરુરી તમામ રેકર્ડ તપાસેલ. ત્યારબાદ સામાવાળા ધ્વારા તા.૧૩/૬/૨૦૦૮ ના પત્રથી અરજદારને ઈ.એસ.આઈ કોડ નં.૩૭–૨૬૮૮૫–૬૭ ફાળવતા અજદારે સામાવાળાને તા.૨૧/૮/૨૦૦૮ ના પત્રથી અરજદારને ઈ.એસ.આઈ એકટની જોગવાઈયો લાગુ પડતી નથી તેમ જણાવેલ. ત્યારબાદ આ કામના

સામાવાળાએ તા.૦૪/૦૯/૨૦૧૪ ના પત્રથી એડહોડ એસેસમેન્ટ પત્ર લખેલ જેમાં સામાવાળાના અધિકારીએ સપ્ટેમ્બર–૨૦૦૯ થી જુલાઈ–૨૦૧૪ ના સમયના ઈ.એસ.આઈ ફાળાના કુલ રૂા.૩,૩૨,૨૯૭–૦૦ ની માંગણી કરેલ. આમ આ કામે સામાવાળાએ અરજદારે ફાળવેલ ઈ.એસ.આઈ કોડ ગેરકાયદેસર જાહેર કરવા અને તા.૨૯/૦૯/૨૦૧૪ ના રોજના પત્રથી ઈ.એસ.આઈ એકટની કલમ–૪૫–એ મુજબ પસાર કરેલ હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી જાહેર કરી સદરહું હુકમ રદ બાતલ ઠરાવવાનો હુકમ કરવા અને અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૨) આ કામે સામાવાળા તરફે આંક–૦૮ થી લેખીત જવાબ રજુ કરવામાં આવેલ છે, તેની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારે અરજીમાં જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેમજ જણાવેલ છે કે, સામાવાળા સંસ્થાએ તા.૦૫/૦૫/૨૦૦૮ ના રોજ વિઝિટ લીધેલ છે. તેમજ અરજદારે અરજીમાં જણાવેલ હકીકતો ખોટી ઉભી કરેલ છે.તેમજ જણાવેલ છે કે, સી–૧૮ ની તા.૦૪/૦૯/૨૦૧૪ ના રોજની નોટીસ ખરી અને કાયદેસર આપવામાં આવેલ છે. તથા અરજદારની કંપની ઈ.એસ.આઈ એકટની કલમ–૨(૧૨) માં સમાવિષ્ટ થાય છે. વધુમા જણાવેલ છે કે, કોર્પોરેશને અરજદારની ઓફીસની મુલાકાત લીધી ત્યારે અરજદારે કોઈ રેકર્ડ કે ડોકયુમેન્ટ રજુ કરેલા નહી. માત્ર નવ માણસો નોકરી ની ફરજો અદા કરતા હોવાની હકીકત ખોટી જણાવેલ છે. અને સમગ્ર ઈન્સ્પેકશન નો રીપોર્ટ સામાવાળાએ તા.૦૪/૦૯/૨૦૧૪ સપ્ટેમ્બર–૨૦૦૯ થી જુલાઈ–૨૦૧૪ સુધીનો કરેલ છે. જે બરાબર અને ખરો છે. અરજદારને સી–૧૮ ની નોટીસ તા.૦૪/૦૯/૨૦૧૪ ના રોજ દસ્તાવેજી પુરાવા સાથે મોકલવામાં આવેલી. અને રૂા.૩,૩૨,૨૯૭/– ની જે લેણી રકમ કાઢેલ છે તે યોગ્ય અને બરાબર છે. નામ.કોર્ટ આમા કોઈ પણ પ્રકારની રાહત આપવા ઈચ્છે તો ૫૦ ટકા રકમ ડીપોઝિટ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે આંક–૩ થી અરજદાર તરફે વિ.વ.શ્રી પુનિલ.આઈ.શાહનું વકીલપત્ર રજુ થયેલ છે. અને સામાવાળા તરફે આંક–૧૪ થી વિ.વ.શ્રી વી.એચ.શાહ નું વકીલ પત્ર રજુ થયેલ છે.

(૪) આ કામે આંક–૪ થી અરજદાર તરફે દસ્તાવેજી લીસ્ટ રજુ થયેલ છે.

| **અ.નં.** | **દસ્તાવેજોની વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | સામાવાળાની વીઝિટ નોટ. તા.૫/૫/૨૦૦૮ | |
| **૨** | સામાવાળાએ કોડ નંબર ફાળવ્યાનો પત્ર તા.૧૩/૬/૨૦૦૮ | |
| **૩** | સામાવાળાનો પત્ર તા.૪/૯/૨૦૧૪ | |
| **૫** | સામાવાળાનો ૪૫–એ હેઠળનો હુકમ તા.૨૯/૯/૨૦૧૪ | |
| **૬** | અરજદારનો એપ્રિલ–૦૮ નુ હાજરી પત્રક તથા પગાર પત્રક | |
| **૭** | અરજદારે લખેલ પત્ર તા.૨૧/૮/૨૦૦૮ | |
| **૮** | અરજદારે લખેલ પત્ર તા.૨૦/૧૧/૧૪ | |

(૫) આંક–૧૦ થી ઈ.એસ.આઈ કોર્પોરેશન તરફથી દસ્તાવેજી લીસ્ટ રજુ થયેલ છે.

| **ક્રમ નં.** | **દસ્તાવેજોની વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | COPY OF SURVEY REPORT A/W ITS ENCLOSURES D.5-5-08 | |
| **૨** | COPY OF LETTER (C-11) A/W AD SLIP D.13-6-08 | |
| **૩** | APPLICANT'S LETTER A/W ITS ENCLOSURES D.21-8-08 | |
| **૪** | OPPONENT'S LETTER D.21-11-14 | |
| **૫** | COPY OPPONENT'S LETTER D.27-05-14 | |
| **૬** | COPY OF SPEAKING ORDER A/W AD SLIP D.29-09-14 | |

(૬) ઉપરોકત હકીકતો ના નિર્ણયો અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**મુદ્દા નંબર–૧.** શું આ કામના અરજદાર અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર ઠરે છે.?

**મુદ્દા નંબર–૨.** શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના કારણો નીચે મુજબના કારણોસર નીચે મુજબ છે.

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ.

**મુદ્દા નંબર–૧ :–**

(૮) આ કામે અરજદારનો કેસ એવો છે કે, આ કામના સામાવાળાના અધિકારી અરજદારને ત્યાં તા.૫/૫/૨૦૦૮ ના રોજ વીઝિટમાં આવેલ. તેમાં જરુરી તમામ રેકર્ડ તપાસેલ. ત્યારબાદ સામાવાળા ધ્વારા તા.૧૩/૬/૨૦૦૮ ના પત્રથી અરજદારને ઈ.એસ.આઈ કોડ નં.૩૭–૨૬૮૮૫–૬૭ ફાળવાતા અજદારે સામાવાળાને તા.૨૧/૮/૨૦૦૮ ના પત્રથી અરજદારને ઈ.એસ.આઈ એકટની જોગવાઈઓ લાગુ પડતી નથી તેમ જણાવેલ. ત્યારબાદ આ કામના સામાવાળાએ તા.૪/૯/૨૦૧૪ ના પત્રથી એડહોડ એસેસમેન્ટ પત્ર લખેલ જેમાં સામાવાળાના અધિકારીએ સપ્ટેમ્બર–૨૦૦૯ થી જુલાઈ–૨૦૧૪ ના સમયના ઈ.એસ.આઈ ફાળાના કુલ રૂા.૩,૩૨,૨૯૭–૦૦ ની માંગણી કરેલ. આમ આ કામે સામાવાળાએ અરજદારે ફાળવેલ ઈ.એસ.આઈ કોડ ગેરકાયદેસર જાહેર કરવા અને તા.૨૯/૦૯/૨૦૧૪ ના રોજના પત્રથી ઈ.એસ.આઈ એકટની કલમ–૪૫–એ મુજબ પસાર કરેલ હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી જાહેર કરી સદરહું હુકમ રદબાતલ ઠરાવવાનો હુકમ કરવા અને અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૯) આ કામે સામાવાળાની ટુંકમા હકીકત એવી છે કે, અરજદારે અરજીમાં જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેમજ જણાવેલ છે કે, સામાવાળા સંસ્થાએ તા.૦૫/૦૫/૨૦૦૮ ના રોજ વિઝિટ લીધેલ છે.તેમજ અરજદારે અરજીમાં જણાવેલ હકીકતો ખોટી ઉભી કરેલ છે. તેમજ જણાવેલ છે કે, સી–૧૮ ની તા.૦૪/૦૯/૨૦૧૪ ના રોજની નોટીસ ખરી અને કાયદેસર આપવામાં આવેલ છે. તથા અરજદારની કંપની ઈ.એસ.આઈ એકટની કલમ–૨(૧૨) માં સમાવિષ્ટ થાય છે.

વધુમા જણાવેલ છે કે, કોર્પોરેશને અરજદારની ઓફીસની મુલાકાત લીધી ત્યારે અરજદારે કોઈ રેકર્ડ કે ડોકયુમેન્ટ રજુ કરેલા નહી. માત્ર નવ માણસો નોકરી ની ફરજો અદા કરતા હોવાની હકીકત ખોટી જણાવેલ છે. અને સમગ્ર ઈન્સ્પેકશન નો રીપોર્ટ સામાવાળાએ તા.૦૪/૦૯/૨૦૧૪ સપ્ટેમ્બર–૨૦૦૯ થી જુલાઈ–૨૦૧૪ સુધીનો કરેલ છે. જે બરાબર અને ખરો છે. અરજદારને સી–૧૮ ની નોટીસ તા.૦૪/૦૯/૨૦૧૪ ના રોજ દસ્તાવેજી પુરાવા સાથે મોકલવામાં આવેલી. અને રૂા.૩,૩૨,૨૯૭/– ની જે લેણી રકમ કાઢેલ છે તે યોગ્ય અને બરાબર છે. નામ.કોર્ટ આમા કોઈ પણ પ્રકારની રાહત આપવા ઈચ્છે તો ૫૦ ટકા રકમ ડીપોઝિટ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

હાલના કેસમાં કેસનું રેકર્ડ જોતા બન્ને પક્ષકારો તરફે તથા તેઓના વિ.વ.શ્રીઓ હાજર રહેલા છે. અદાલત ઘ્વારા તેઓને પુરાવા રજુ કરવા તથા રજુઆતો કરવા પુરતી તક આપવામાં આવેલ છે. તેમ છતા અરજદાર તરફે આ કામે કોઈ લેખીત પુરાવાઓ વિગેરે રજુ કરવામાં આવેલ નથી. તેમજ અરજીમાં જણાવેલ હકીકતો પુરવાર કરેલ નથી.

હાલનો કેસ ઘણો જુનો છે તથા ઘણા વર્ષોથી કેસમાં અરજદાર તરફે પુરાવાઓ રજુ કરવામાં આવેલા નથી. અરજીની હકીકતો પુરવાર કરવા અદાલત ઘ્વારા અરજદારને પુરતી તકો આપવામાં આવેલ હોવા છતા અરજદાર ઘ્વારા આ કામે કોઈ મૌખીક પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી તથા દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં આવેલ નથી તથા અરજદાર ઈન્સાફી કાર્યવાહી દરમીયાન સતત ગેરહાજર રહેલા છે. તે જોતા સદરહું અરજદાર અરજીની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા કોઈ રસ હોવાનું રેકર્ડ જોતા જણાઈ આવતું નથી.

આ કામે અરજદારે અરજીમાં અરજદારનુ યુનીટ ઈ.એસ.આઈ એકટ લાગુ પડે તેવા વિસ્તારમાં ન હોવાનુ અને તેથી તેઓને ફાળવવામાં આવેલ ઈ.એસ.આઈ કોડ રદ કરવા રજુઆત કરેલ છે. અને સામાવાળા તરફે તેઓના લેખીત જવાબમાં અરજદારનુ યુનીટ

જે વિસ્તારમાં આવેલ છે તે વિસ્તાર ઈ.એસ.આઈ કાયદા હેઠળ આવરી લેવામાં આવતો વિસ્તાર હોવાનું જણાવેલ છે. આ કામે અરજદારે અરજી સાથે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે. પરતું ઈન્સાફી કાર્યવાહી દરમીયાન અરજદાર હાજર રહી મૌખીક પુરાવા રજુ કરી પુરવાર કરી શકેલા નથી. તેમજ આ સબંધે અરજદારે ઈ.એસ.આઈ ની એપેલેટ કક્ષાએ કોઈ લેખીત રજુઆત કે તેઓ સમક્ષ કોઈ કાર્યવાહી કરેલ નથી. તેવુ રેકર્ડ જોતા જણાઈ આવે છે. અને તે અંગેના કોઈ પુરાવાઓ પણ આ કામે અરજદાર ધ્વારા રજુ કરવામાં આવેલ નથી. અને તે રીતે અરજદાર અરજીમાં જણાવેલ હકીકતો પુરવાર કરવામાં અસફળ રહેલા હોઈ ન્યાયના હીતમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી. મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:- હુકમ -:**

**(૧)** અરજદારની સદરહું અરજી આથી નામંજુર(રદ) કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(૩)** આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૫/૦૧/૨૦૨૪
મહેસાણા/કલોલ.

(દેવીનકુમાર જમનાદાસ શાહ)
કોડ નંબર જીજે - ૦૦૩૯૨
ન્યાયાધિશશ્રી/જજ
કામદાર રાજ્ય વિમા અદાલત,
(કલોલ/મહેસાણા કોર્ટ સિટીંગ)